પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૭ ૮ મે, ૨૦૧૯, બુધવાર; વૈશાખ સુદ-૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈવીએમ મુદ્દે અરજી સુપ્રીમે ફગાવી

**ઇવીએમની સાથે વીવીપેટ સ્લીપને મેચ કરવાની માંગ કરતી ૨૧ વિરોધ પક્ષોની અરજીને સુપ્રીમે ફગાવી : અગાઉના આદેશમાં કોઇ સુધારો કરવાનો ઇન્કાર : કોર્ટ આ કેસની સુનાવણી વારંવાર કેમ કરે? : અમે દખલગીરી કરવા નથી માંગતાઃ ચીફ જસ્ટિસ**



નવી દિલ્હી, તા. ૭

દેશની સર્વોચ્ચ અદાલતે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. જેના ભાગરૂપે ઈવીએમ મુદ્દે ૨૧ પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી સાથે સાથે પોતાના અગાઉના આદેશમાં કોઈ સુધારો કરવાનો પણ ઈન્કાર કર્યો હતો.સુપ્રીમ કોર્ટે ઈવીએમ સાથે વીવીપેટ સ્લીપને મેચ કરવાની માંગ કરતી તમામ દલીલોને ફગાવી દીધી હતી. વિરોધ પક્ષો દ્વારા અરજી કરીને કેટલીક તર્કદાર દલીલો કરી હતી. સુપ્રીમ કોર્ટે હતુ કે તે પોતાના અગાઉના આદેશમાં કોઈ સુધારો કરવા માટે તૈયાર નથી. સુપ્રીમ કોર્ટે અગાઉ દરેક વિધાનસભાના પાચ બુથોના ઈવીએમને વીવીપેટ સાથે જોડાણને લઈને મહત્વપૂર્ણ અને ઐતિહાસિક આદેશ આપ્યો હતો. આ આદેશમાં આજે કોઈ સુધારો કરવાનો સુપ્રીમ કોર્ટ દ્વારા ઈન્કાર કરવામાં આવ્યો હતો. આ અરજીને ટીડીપી અને કોંગ્રેસ સહિત ૨૧ વિપક્ષી પક્ષોએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી.આ પક્ષની માગણી છે કે ૫૦ ટકા વીવીપેટ સ્લીપને ઈવીએમ સાથે મેચ કરવાનો આદેશ ચૂંટણી પંચને આપવામાં આવે. સુનાવણી દરમિયાન ચંદ્રબાબૂ નાયડુ, ડી.રાજા. સંજય સિંહ અને ફારુક અબ્દુલા કોર્ટમાં હાજર હતા. અરજી ફગાવી દેવા ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ કહ્યું છે કે, કોર્ટમાં એકની એક વાતની વારંવાર સુનાવણી કેમ કરવી જોઈએ. સીજેઆઈએ કહ્યું કે, અમે આ મામલે દખલગીરી કરવા નથી માગતા. નોંધનીય છે કે ગયા મહિને સુપ્રીમ કોર્ટે તેમના નિર્ણયમાં દરેક વિધાનસભા ક્ષેત્રમાં ઓછામાં પાંચ બૂથના ઈવીએમ અને વીવીપેટની સ્લીપની સરેરાશ મેચ કરવાનો

● અનુસંધાન પાન-૭ પર

## હવે અમે ફરીથી ચૂંટણીપંચ પાસે જઈશુ : ચંદ્રબાબૂ



આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબૂ નાયડુએ કહ્યું કે, જ્યારે ચૂંટણી પંચે તેમની વાત ન સાંભળી ત્યારે તેઓ સુપ્રીમ કોર્ટ આવ્યા હતા પરંતુ હવે તેઓ ફરી ચૂંટણી પંચ પાસે જશે. તેમણે કહ્યું કે, ત્રીજા ફ્રન્ટ અને ચોથા ફ્રન્ટ દરેક વિપક્ષનો જ હિસ્સો છે. અમે પીએમ ઉમેદવારનું નામ ચૂંટણી પછી નક્કી કરીશું.

## બિહારની મુઝફ્ફરપુર સ્થાનિક હોટલમાંથી ઈવીએમ મશીન મળી આવતાં ખળભળાટ

**સેક્ટર મેજિસ્ટ્રેટને બેદરકારી બદલ કારણદર્શક નોટિસ ફટકારાઇ**

મુઝફ્ફરપુર,તા.૭

સોમવારે બિહારની મુઝફ્ફરપુર લોકસભા સીટ પર ચાલી રહેલા વોટિંગ દરમિયાન એક સ્થાનિક હોટલમાંથી ઈવીએમ મળ્યાના સમાચારને લઈને હોબાળો થયો છે. સ્થાનિક લોકોને જેવી ઈવીએમ હોવાની જાણકારી મળી, તેઓએ હોબાળો કરવાનું શરૂ કરી દીધું. જે અધિકારીની પાસે ઈવીએમ મળ્યું તે હકીકતમાં ઈવીએમ ગાર્ડિયન અને સેક્ટર મેજિસ્ટ્રેટ હતો.

સેક્ટર મેજિસ્ટ્રેટ અવધેશ કુમાર આ ઈવીએમના સંરક્ષક હતા. તેઓએ પોતાના બચાવમાં કહ્યું કે, તેમની ટીમ ૪ ઈવીએમ મશીનોને બેકઅપ પર લઈને ચાલી રહી હતી, જેથી કોઈ પોલિંગ બૂથ પર ઈવીએમ ખરાબ થાય તો તેને તત્કાળ બદલી શકાય. આ દરમિયાન તેમની

● અનુસંધાન પાન-૭ પર

# મોદીનો વિવેક મરી પરવારી ગયો છે : પ્રિયંકા ગાંધી



**કોંગ્રેસના મહાસચિવે વડાપ્રધાન મોદીની તુલના દુર્યોધન સાથે કરી અભિમાન તો 'દુર્યોધન'નું પણ તૂટી ગયું હતું તો 'મોદી' શું ચીજ છે વડાપ્રધાને મારા શહિદ પિતાનું અપમાન કર્યું છે : પ્રિયંકા ગાંધી**

ગુરુગ્રામ,તા. ૭

કોંગ્રેસના મહાસચિવ અને હાલમાં પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે દિન રાત એક કરી રહેલા પ્રિયંકા વાઢેરાએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વળતા પ્રહારો કર્યા હતા. પ્રિયંકા વાઢેરાએ મોદીની તુલના દુર્યોધનની સાથે કરીને તેમની ટિકા કરી હતી. પ્રિયંકા વાઢેરાએ કહ્યુ હતુ દેશના લોકોએ અભિમાની લોકોને ક્યારેય માફ કર્યા નથી. આવુ જ અભિમાન દુર્યોધનને પણ હતુ. ભગવાન કૃષ્ણ સમજાવવા માટે ગયા ત્યારે દુર્યોધને તેમને પણ બાનમાં પકડી લેવાના પ્રયાસ કર્યા હતા. પ્રિયંકાએ રામધારી સિંહ દિનકરની કવિતા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### લાસ વેગાસથી મેક્સિકો જતું પ્રાઇવેટ જેટ ક્રેશ

લાસ વેગાસથી આવતું એક પ્રાઈવેટ જેટ મેક્સિકોમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે. રાહત અને બચાવ ટીમે સોમવારે તેનો કાટમાળ મેળવી લીધો છે. આ દુર્ઘટનામાં ૧૩ લોકોનાં મોતની આશંકા છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, બોમ્બાર્ડિયર ચેલેન્જર ૬૦૧ જેટ શનિવારે મોડીરાત્રે લાસ વેગાસથી મોન્ટેરી માટે ટેકઓફ થયું હતું.

### પાપુઆ ન્યૂ ગિનીમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ

પાપુઆ ન્યૂ ગિનીમાં મંગળવારે ૭.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. જોકે, તેનું કેન્દ્રબિંદુ જમીનની અંદર અત્યંત ઊંડે હોવાને કારણે જાન-માલને કોઈ નુકસાન પહોંચ્યું નથી. અમેરિકાના ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણે જણાવ્યું કે, ભૂકંપની કેન્દ્રબિંદુ બુલોલો શહેરથી લગભગ ૩૦ કિમી દૂર જમીનની અંદર ૧૨૭ કિમી નીચે હતું. આંતરરાષ્ટ્રીય સમયાનુસાર રાત્રે ૯.૧૫ કલાકે આ ભૂકંપ આવ્યો હતો.

### આતંકી બુરહાનના ગામમાં ઝીરો વોટિંગ

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કમાં આતંકવાદથી પ્રભાવિત વિસ્તારમાં સાવ ઓછુ મતદાન થયુ હતુ. અનંતનાગ લોકસભા બેઠક હેઠળ આવતા શોપિયા અને પુલવામા જિલ્લામાં માત્ર ૨.૮૧ ટકા વોટિંગ થયુ હતુ.જમ્મુ કાશ્મીરના ઈતિહાસમાં આ સૌથી ઓછુ વોટિંગ છે.

### નાઈઝિરીયામાં પાંચ ભારતીય ખલાસીઓનું ચાંચિયાઓએ અપહરણ કર્યું

નાઈઝીરિયામાં પાંચ ભારતીય ખલાસીઓનું ચાંચિયાઓએ અપહરણ કર્યુ છે. વિદેશ મંત્રી સુષમા સ્વરાજે આ ઘટનાને લઈને ટ્વીટ કર્યુ છે. વિદેશ મંત્રીએ ટ્વીટ કરીને કહ્યુ છેકે, તેમણે નાઈઝીરિયામાં ભારતનાં હાઈ કમિશ્નર અભય ઠાકુર સાથે આ વિષય પર વાત કરી છે.

# હું મોદીથી ડરતી નથી, તેઓ ધર્મના નામે ભાગલા પાડી રહ્યા છે : મમતા

**મમતા બેનર્જીનું વિવાદાસ્પદ નિવેદન : પાંચ વર્ષ પહેલા સારા દિવસોની વાત કરી હતી પરંતુ નોટબંધી કરી દીધી, બંધારણ પણ બદલી દેશે**

પરુલિયા,તા.૭



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કર્યા છે. મમતાએ કહ્યું કે, મેં આવા જૂઠ્ઠા વડાપ્રધાન ક્યાંય નથી જોયા. હવે ચૂંટણી આવી છે તો રામ-નામ જપવાનું શરૂ કર્યું છે. મોદી સરકાર પર આકરા પ્રહાર કરતા મમતા બેનરજીએ કહ્યું કે, ૫ વર્ષ પહેલાં તેમણે સારા દિવસોની વાત કરી હતી. પરંતુ પછી નોટબંધી કરી દીધી હતી. તેઓ બંધારણ પણ બદલી દેશે. મમતાએ કહ્યું, હું બીજેપીની નારેબાજીમાં વિશ્વાસ નથી રાખતી. પૈસા માટે મહત્વના નથી પરંતુ જ્યારે તેઓ બંગાળ આવીને કહે કે, ટીએમસી લૂંટારાઓથી ભરેલી છે ત્યારે મને તેમને થપ્પડ મારવાનું મન થઈ જાય છે.

પરુલિયામાં ટીએમસી સરકારની સફળતા ગણાવતા મમતાએ કહ્યું કે, શું મોદી પરુલિયાના આદિવાસી ગામડાઓ વિશે જાણે છે? અત્યાર સુધી અહીં ૩૦૦ આઈઆઈટી કોલેજ બનાવી દીધી છે. દિલ્હીમાં મોદી ૫ વર્ષથી છે. મેં ખૂબ સંઘર્ષ કર્યો છે. હું મારી જાતને વેચીને રાજકારણ નથી કરતી. હું મોદીથી નથી ડરતી. કારણકે હું આ પ્રકારનું જ જીવન જીવુ છું.

મમતાએ વધુમાં કહ્યું કે, મોદી જેવા જૂઠ્ઠા વ્યક્તિ મેં આજ સુધી નથી જોયા. આસામમાં ૨૨ લાખ બંગાળીઓના નામ કાપી નાખ્યા. મહારાષ્ટ્ર અને યુપીથી બિહારીઓને ભગાડી દીધા.

● અનુસંધાન પાન-૭ પર

# સેનાના કાફલામાં ૪૬૪ નવા ટી-૯૦ ટેન્ક સામેલ

**પાકિસ્તાનની સરહદ પર તૈનાત કરવા તૈયારી : રશિયા સાથે ભારત સરકારની ૧૩,૪૪૮ કરોડનો કરાર**



નવી દિલ્હી,તા. ૭

ભારતીય સેનાના કાફલામાં ૪૬૪ વધારાના ટી-૯૦ ભીષ્મ ટેન્ક સામેલ કરવામાં આવશે. ભારત સરકારે રશિયાની સાથે ૧૩,૪૪૮ કરોડ રૂપિયાની મોટી સમજુતી કરી છે. જેના ભાગરૂપે ભારતને આ વધારાના અતિ આધુનિક ટેન્ક ઉપલબ્ધ થશે. આ તમામ ટેન્ક વર્ષ ૨૦૨૨-૨૦૨૬ સુધી ભારતને મળી જશે. ભારતીય સેના આ તમામ ટેન્કને પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ ઉપર તૈનાત કરશે. બીજી બાજુ પાકિસ્તાન પણ રશિયાની સાથે ૩૬૦ આવી ટેન્ક હાસલ કરવા માટે પ્રયાસમાં છે. પાકિસ્તાની પણ રશિયા સાથે વાતચીત ચાલી રહી છે. જોકે, રશિયાને પાકિસ્તાની શરત માન્ય રહે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ભારત સરકાર સુરક્ષાના પાસા ઉપર ઝડપથી આગળ વધવા માટે તૈયાર છે. સેનાને મજબુત કરવા માટે મોદી સરકાર દ્વારા કેટલાક મોટા પગલા લેવામાં આવી રહ્યા છે. નવા ટી-૯૦ ટેન્કને અપગ્રેડ પણ કરવામાં આવનાર છે. આ ટેન્કને ભારતમાં જ બનાવવામાં આવનાર છે.છેલ્લા કેટલાક સમયથી રશિયા સાથે આ મુદ્દે વાતચીત ચાલી રહી હતી. એક મહિના પહેલા જ રશિયાએ લાયન્સને મંજુરી આપી હતી. ટુંક સમયમાં જ ટેન્કને લઈને નવા નિયમોને અમલી કરવામાં આવશે. ભારતીય સેનાને અતિ આધુનિક અને શસ્ત્રો સાથે સજ્જ કરવાના પ્રયાસ ચાલુ રહ્યા છે. બીજુ બાજુ પાકિસ્તાન ચીનની સાથે મળીને ટી-૯૦ ટેન્ક બનાવવાની ઈચ્છા ધરાવે છે. ચીનની મદદ લઈને પાકિસ્તાન પોતાના દેશમાં પણ આ ટેન્ક બનાવવા માટે ઉચ્છુક છે.

ભારતે પહેલાથીજ અન્ય અધિયારો માટે પણ રશિયા સાથે સમજુતી કરી છે. જુની ટેન્કોને બદલી દેવાની કામગીરી ચાલી રહી છે.

# ઐતિહાસિક રામલીલા મેદાન પર આજે મોદીની વિરાટ રેલી યોજાશે

**દિલ્હી હાઇ પ્રોફાઇલ રેલીને લઇને તમામ લોકોમાં ભારે ઉત્સુકતા : મેગા રેલીમાં કેટલી સંખ્યામાં લોકો આવે છે અને મોદી શુ બોલે છે તેને લઇને તમામ લોકોમાં ચર્ચા : રેલીને સફળ બનાવવા ભાજપે તમામ તાકાત લગાવી**

નવી દિલ્હી, તા. ૭

લોકસભા ચૂંટણીના પાંચ તબક્કા માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ હવે તમામની નજર છઠ્ઠા તબક્કાની ચૂંટણી પર કેન્દ્રિત થઈ ગઈ છે. છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં આ વખતે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ મતદાન થનાર છે. દિલ્હીની તમામ સાતેય બેઠકો પર હવે મતદાન થનાર છે. દિલ્હીમાં લોકસભા ચૂંટણી માટે હવે પ્રચાર ચરમસીમા પર છે. આવતીકાલે આઠમી મેના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે મેગા રેલી યોજાનાર છે. જેના પર દેશના લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ રેલીને સફળ બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા કેટલાક દિવસથી તમામ તાકાત લગાવી દીધી છે. આ

રેલીમાં કેટલા લોકો પહોંચે છે અને આ રેલીમાં મોદી શુ હે છે તેના પર તમામની નજર રહેશે. તમામ હરિફ રાજકીય પક્ષો દ્વારા પણ આ રેલીને લઈને તેમની નજર કેન્દ્રિત કરી દીધી છે. ભારતીય જનતા પાર્ટી માટે આ રેલી મહત્વપૂર્ણ છે. આ રેલી વર્કિંગ ડે પર થઈ રહી છે. જેથી પાર્ટીની સામે સૌથી મોટો પડકાર ભીડ એકત્રિત કરવાને લઈને છે. જો કે પ્રદેશના નેતા દાવો કરી રહ્યા છે કે આ યાદગાર રેલી બની રહેશે. જેમાં બેથી અઢી લાખ લોકો પહોંચે તેવી



શક્યતા છે. પરંતુ રામલીલા મેદાન ખાતે ક્ષમતા ૮૦ હજાર લોકો સુધીન છે. આવી સ્થિતીમાં અહીં અઢી લાખ લોકો એકત્રિત થશે તે અંગે

● અનુસંધાન પાન-૭ પર

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225